નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના નાયબ નિયામક (વર્ગ-૧) સંવર્ગની કુલ-૩૫ જગ્યાઓનું સંખ્યાબળ (કેડર સ્ટ્રેન્થ) નક્કી કરવા બાબત.

---

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : SJED/EOD/e-file/17/2023/**2732**/J,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭-૦૨-૨૦૨૪.

**વંચાણે લીધા:-**

૧. આ વિભાગનો તા.૧૨-૦૭-૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૯/૨૭૯૧૧/જ.
૨. આ વિભાગનો તા.૧૧-૦૫-૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2023/1233/J.
3. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો તા.૨૨-૦૮-૨૦૨૩નો પત્ર ક્રમાંક: અજાક/મકમ/પ/૧૬૪૭/૨૦૨૩/ક.

**આમુખ:**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના, વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના **તા.૧૨-૦૭-૨૦૧૯**ના ઠરાવથી, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના નાયબ નિયામક (વર્ગ-૧) સંવર્ગનું સંખ્યાબળ (કેડર સ્ટ્રેન્થ) કુલ-૩૮ નક્કી કરવામાં આવેલ.

ત્યારબાદ, આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૨) પરના **તા.૧૧-૦૫-૨૦૨૩**ના ઠરાવથી, નાયબ નિયામક (વર્ગ-૧) સંવર્ગની કુલ-3 જગ્યાઓ રદ કરવામાં આવેલ.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા, તેઓના વંચાણે લીધેલ ક્રમ-(3) પરના **તા.૨૨-૦૮-૨૦૨૩**ના પત્રથી, નાયબ નિયામક (વર્ગ-૧) સંવર્ગની કુલ-3 જગ્યાઓ રદ થતાં કેડર સ્ટ્રેન્થ નવેસરથી નક્કી થઈ આવવા કરાયેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણામાં હતી.

**ઠરાવ:**

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, **નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના નાયબ નિયામક (વર્ગ-૧) સંવર્ગનું સંખ્યાબળ આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.**

| સંવર્ગ | કુલ સંખ્યાબળ | સીધી ભરતીના ફાળાની જગ્યા | બઢતીના ફાળાની જગ્યા |
|---|---|---|---|
| નાયબ નિયામક (વર્ગ-૧) | ૩૫ | ૧૮ | ૧૭ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સામાન્ય વહીવટ વિભાગની તા.૧૨-૦૨-૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેતલ ગોહેલ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

Validity unknownSignature valid
Signed by:H T Gohel
Section Officer
Date: 2024.02.17
13:14:38 +05:30

- અધિક મુખ્ય સચિવશ્રી, સા. ન્યા. અને અધિ.ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગના રહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (જી.પી.એસ.સી.-સંકલન સેલ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (ગ-૫ શાખા), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- શાખા પસંદગી ફાઇલ-૨૦૨૪.